વેચાણ દસ્તાવેજ

ફ્લેટ નંબર–

રજી.નંબર–

તારીખ– / /૨૦૧૭.

નામ–

Rajan J. Purohit & Associates (Advocate)
007, Trimurti Flat, 20 Haribhakti Colony, Near Bird Circle, O P Road, VADODARA. E-mail:rajanpurohit22@gmail.com.
OFFICE (O) : 0265-2326300.

॥શ્રી॥

વેચાણ દસ્તાવેજ

રૂા.......................–૦૦ (અંકે રુપિયા .... પુરા)

આજરોજ તારીખ   /   /૨૦૧૭ ના રોજ વડોદરા મુકામે આ વેચાણ દસ્તાવેજ **લખી આપનારઃએક પક્ષવાળા/વેચાણ આપનાર/જમીન માલીકઃ– V.R. GROUP (PAN-AAOFV 2143 B) એ નામની ભાગીદારી પેઢી વતી અને તર્ફે તેના વહીવટકર્તા ભાગીદાર વિવેકસિંહ રાજપુત,** ઉ.વ.આ.પુખ્ત, ધંધો–વેપાર, રહેવાસી : સી/૧૦, વલ્લભ વાટીકા, ભારત પેટ્રોલ પંપની પાછળ, ડભોઈ–વાઘોડીયા રીંગ રોડ, વડોદરા.

જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ''એકતરફવાળા'' અથવા ''**વેચાણ આપનાર**'' તરીકે ઓળખવામાં આવશે, જે શબ્દના અર્થમાં સદર જમીન માલીક, ભાગીદારી પેઢી **'વિનાયક ડેવલોપર્સ '** અને તેના વખતો વખતના ભાગીદારો તથા તેઓના વંશ, વાલી, વારસો,ઈત્યાદી તમામ નો સમાવેશ થાય છે.

અને

આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર તમો :– બીજા પક્ષવાળા/વેચાણ રાખનાર/લખાવી લેનારઃ–

.., ઉ.વ.આ–પુખ્ત, ધંધો–ઘરકામ,

રહેવાસી–**...** ના.

જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં સંયુકત રીતે ''બીજા પક્ષવાળા'' અથવા ''લખાવી લેનાર'' અથવા ''વેચાણ રાખનાર'' તરીકે ઓળખવામાં આવશે, જે શબ્દના અર્થમાં બીજા પક્ષવાળા જાતે પોતે તથા તેઓના વંશ,વાલી, વારસો,ઈત્યાદી તમામ નો સમાવેશ થાય છે.

૧) સદર **ગુજરાત રાજ્ય** ના અમો લખી આપનાર એકતરફવાળાની સંયુક્ત સ્વપાર્જીત માલિકી કબજા ભોગવટાની સ્થાવર મિલકત ***રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ તથા સબ ડિસ્ટ્રીક્ટ વડોદરા ના વિભાગ–૩ (અકોટા) ના મોજે ગામ–ભાયલી, તાલુકો, જીલ્લો, વડોદરાના બ્લોક નંબર–૬૫ છે જેનો રેવન્યુ સર્વે નં–૭૯ વાળી જમીનનું ૭/૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ.૦–૩૫–૪૧ હે.આરે.ચો.મી. છે જેનો ટી.પી. સ્કીમ નંબર–૨, ફા.પ્લોટ નંબર–૭૩ છે જેનું***

એફ.પી. મુજબ ક્ષેત્રફળ–૨૪૭૯.૦૦ ચો.મી. પૈકી ઉત્તર દિશા તરફની ૧૨૩૯.૫૦ ચો.મી. વાળી બીનખેતીની જમીન અમો લખી આપનારે શાહ અશ્વિનભાઈ મનુભાઈ વિગેરે નાઓ પાસેથી તારીખ–૧૨/૦૪/૨૦૧૭ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નંબર–૫૩૭૦ થી વેચાણ રાખતા અમો લખી વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખતા અમો લખી આપનાર સદરહું મિલકતના સ્વતંત્ર માલિક તથા ભોગવટેદાર થયેલ છે જે અમો લખી આપનારનું નામ રેવન્યુ રેકર્ડમા દાખલ થયેલ છે આમ, આ માલિકી હક્ક અને અધિકારથી સદરહું સંપુર્ણ મિલકતના સંયુક્ત માલીક અને કબજેદાર તથા ભોગવટેદાર છીએ.

૨) ***સદરહું પરીશીષ્ટમાં દર્શાવેલ જમીન શરતફેર અંગેની પરવાનગી મે. વડોદરાના કલેક્ટર સાહેબના હુકમ નં.ટેનન્સી/એ/એસ.આર./૨૭૧–૧૩/૨૦૧૪ થી તા.૧૭/૧૧/૨૦૧૪*** થી મેળવેલ છે.

૩) ***સદરહું પરીશીષ્ટમાં દર્શાવેલ જમીનની બીનખેતી રહેણાંક અંગેની પરવાનગી મે. વડોદરાના કલેક્ટર સાહેબના હુકમ નં.તત્કાલ/એન.એ/એસ.આર./૬૨/૨૦૧૪–૧૫ નં.જમીન–ડી/કલમ–૬૫/વશી/૮૮૭ થી ૮૯૫/૧૫ થી તા.૦૫/૦૨/૨૦૧૫*** ના રોજ થી બીનખેતી શાખા, કલેક્ટર કચેરી, વડોદરા પાસેથી મેળવેલ છે.

૪) સદરહું જ સદરહું જમીનમાં બાંધકામ કરવા અંગેની પરવાનગી વડોદરા શહેરી વિકાસ મંડળ પાસેથી રીવાઈઝ રજાચીઠ્ઠી નંબર–યુડીએ/પ્લાન–૬/પરવાનગી/૮૦/૨૦૧૬ થી તારીખ–૦૮/૦૩/૨૦૧૭ થી મેળવેલ છે અને તે મુજબ અને મંજુર થયેલ નકશા મુજબ ***" ASHA ENCLAVE "*** નામની રહેણાંકના હેતુ માટેના ફ્લેટ તથા વાણીજ્ય હેતુ માટેની દુકાનોનો વાળી યોજનાનું આયોજન કરવામાં આવેલ છે અને સદર સ્કિમનું બાંધકામ હાલમાં ચાલુ છે.

૫) સદર ***" ASHA ENCLAVE "*** એપાર્ટમેન્ટ સ્કિમમાં **..........** માળે બાંધવામાં આવેલ **ફ્લેટ નં–..........** તે ફ્લેટ વાળી મિલકત અમો લખી આપનારાઓએ તમો લખી લેનાર ને **રુા............................–૦૦ (અંકે રુપિયા .... પુરા)** માં વેચાણ આપેલ છે અને તેના અવેજની પુરેપુરી રકમ અમો લખી આપનારાઓ ને મળી ગઈ છે જેના બદલામાં સદર ફ્લેટનો આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનાર એ નીચેની શરતોએ તમો લખી લેનાર ની તરફેણ માં લખી આપીએ છીએ. વેચાણ આપેલ ફ્લેટનું વિગતવાર વર્ણન આ લેખમાં સામેલ પરિશિષ્ટમાં કરેલ છે અને આ લેખમાં ટુકાંણ ખાતર તેનો ઉલ્લેખ‘‘સદર મિલકત’’ અથવા ‘‘સદર ફ્લેટ’’ તરીકે કરેલ છે.

૬) અમો લખી આપનાર સદર મિલકતના કાયદેસર માલીક છીએ. સદર મિલકત અમો લખી આપનાર ના પ્રત્યક્ષ કબજામાં છે. સદર મિલકતમાં અમો લખી આપનાર સિવાય બીજી કોઈ વ્યકિત કે સંસ્થાનો કોઈ હક્ક, હિત, અધિકાર કે દાવો કે બોજો નથી. અમો લખી આપનાર/જમીન માલીક એ સદર મિલકત કોઈ ત્રાહિત વ્યકિત કે સંસ્થાને વેચાણ આપેલ નથી કે વેચાણ આપવાનુ નક્કી કરેલ નથી કે તે મીલ્કત ઉપર અમો લખી આપનાર એ વિશેષ માં કોઈ બોજો ઉભો કરેલ નથી કે તે અંગે કોઈ બાનાખત, લખાણ કે કરાર કરી આપેલ નથી. સદર મિલકત કોઈ કોર્ટની જપ્તીમાં કે અવલ જપ્તીમાં નથી તેમજ સદર મિલકત વેચાણ કરવા સામે કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ, કે અનેય સરકારી ઓથોરીટીનો કોઈ મનાઈ હુકમ આજદીને નથી કે તેવી કોઈ નોટીશ બજેલ નથી સદર મિલકત બાબતમાં અમારી સામે કોઈ દાવો કે કોર્ટ કેસ ચાલુ નથી. સદર મિલકતના ટાઈટલ કલીઅર અને માર્કેટેબલ છે. અમો લખી આપનાર સદર મિલકત તમો લખી લેનાર/ખરીદનાર ને વેચાણ આપવા સંપુર્ણ હક્કદાર છીએ તેવી અમો લખી આપનાર તમો લખી લેનાર ને પાકી ખાતરી અને ચકાસણી લખી આપનાર તથા વેચાણ રાખનારે ટાઈટલ બાબતે જરુરી ચકાસણી કરેલ-કરાવેલ છે અને તે અંગેની પુરતી ખાત્રી થતા હાલ નો વેચાણ દસ્તાવેજ લખી લેનાર ની જરુરીયાત અનુશાર કરવામા આવેલ છે.

૭) અમો લખી આપનાર આપનારાઓએ સદર ફ્લેટ વાળી મિલકત તમો લખી લેનાર ને **રુા............................-૦૦ (અંકે રુપિયા .... પુરા)** માં વેચાણ આપેલ છે. અમો લખી આપનારાઓને તમો લખી લેનાર પાસેથી વેચાણ અવેજની પુરેપુરી રકમ નીચેની વિગતના ચેકો તથા રોકડાથી વસુલ મળી ગયેલ છે. અમો લખી આપનારા વેચાણ અવેજની પુરેપુરી રકમ વસુલ મળ્યાની આથી સ્વીકારી પહોંચ આપીએ છીએ.

-: વેચાણ અવેજની વિગત :-

અનુ	રકમ	ચેક નંબર	તારીખ	બેંકનું નામ
૧				
૨				
૩				
૪				
૫				
કુલ	**રુા............................-૦૦ (અંકે રુપિયા .... પુરા).**			

૮) સદર મિલકત બાબતની વેચાણ અવેજની રકમ ચુકવવા માટે જો આપવામાં આવેલ ચેકો હવે પછી બેંકમાં ભરવાના થાય તેવા કેસમાં સદર ચેક/ચેકો બેંકમાં ભરવતાં તેની રકમ વસુલ મળ્યેથી આ વેચાણ દસ્તાવેજ અમલમાં આવશે અને જો ચેક/ચેકો બેંકમાં ભરતાં પરત ફરશે તો આ વેચાણ દસ્તાવેજ રદ કરવા અમો લખી આપનારાઓ હક્કદાર થશું.

૯) સદર ફ્લેટ વાળી મિલકતનો પ્રત્યક્ષ કબજો અમો લખી આપનારાઓએ આજરોજ તમો લખી લેનાર ને સુપ્રત કરી દીધો છે જે તમોએ સંભાળી લીધો છે.હવેથી સદર મિલકત તમો લખી લેનાર ના માલિકી હક્કે પ્રત્યક્ષ કબજા ભોગવટામાં રહેશે.

૧૦) અમો લખી આપનારાઓએ સદર મિલકત તેમાં આવેલ વિજળી જોડાણ, પાણી જોડાણ, ડ્રેનેજ જોડાણ સાથે વેચાણ આપેલ છે. જો સદર ફ્લેટમાં વિજળી જોડાણ, પાણી જોડાણ, ડ્રેનેજ જોડાણની સુવિધાઓ લેવાની બાકી હોય તોતે લાવી આપવાની જવાબદારી અમો લખીઆપનાર ની રહેશે પરંતુ આવા કનેક્શનો લેવા માટે જે ખરીદનાર ના નામે ડીપોઝીટ ભરવાની થાય તે તમો લખી લેનારા એ ભરવાની રહેશે. સદર સ્કીમ/એપાર્ટમેન્ટના આવવા–જવાના રસ્તાની જમીન, પાર્કીંગની જગ્યા તથા અન્ય કોમન સુવિધાઓમાં સદર ફ્લેટ ના ક્ષેત્રફળ હિસાબે જે વરાડે પડતો હક્ક હિસ્સો આવતો હોય તે સાથે સદર મિલકત વેચાણ આપેલ છે. સદર સ્કીમ/એપાર્ટમેન્ટ જે જમીનમાં બાંધવામાં આવેલ છે તે તમામ ફ્લેટ/દુકાન ધારકોની સહીયારી માલિકીની રહેશે અને તે વણવહેચાયેલી જમીનમાં સદર ફ્લેટ/દુકાન ના ક્ષેત્રફળ હિસાબે જ વરાડે પડતો હિસ્સો આવે છે તે હિસ્સો પણ આથી વેચાણ આપેલ છે પરંતુ તમો સદર હિસ્સો અલગ માગી શકશો નહીં કે છુટો પાડી શકશો નહીં. તમો લખી લેનાર સદર એપાર્ટમેન્ટ/સ્કીમની તમામ કોમન મિલકતો તથા કોમન સુવિધાઓ જેવી કે આવવા જવાના રસ્તાઓ, પાર્કીંગની જગ્યા, લીફ્ટ,દાદર,પાણીની સુવિધા, અગાસીનો ખુલ્લો ઉપયોગ કરવાની સુવિધા વિગેરેનો તમામ સહીયારા ધોરણે વાપર ઉપયોગ કરવા હક્કદાર થયા છો અને તેના જે મેન્ટેનનન્સ ચાર્જીસ આવશે તે તમોએ વરાડે પડતા ભરવાના રહેશે. સદર એપાર્ટમેન્ટ/ સ્કીમના તમામ સભ્યોએ સાથે મળી સદર એપાર્ટમેન્ટનું મેન્ટેનન્સ કરવા અને વહીવટી કરવા માટે એસોસિએશન/ મંડળ/ મંડળી કે અન્ય સંસ્થાની રચના કરવાની રહેશે અને તેમાં તમામ ફ્લેટ/દુકાન ધારકોએ ફરજીયાત સભ્ય બનવાનું રહેશે અને તેનો મેન્ટેનન્સ માટે વખતોવખત જે રકમ નક્કી કરવામાં આવે તે નિયમિત આપવાની રહેશે.

૧૧) સદર એપાર્ટમેન્ટ/બિલ્ડીંગના ટેરેસ રાઇટસ એટલે કે અગાસી ના હક્કો સોસાયટીના તમામ સભ્યોના કોમન રહેશે પરંતુ ભવિષ્યમાં સદર અગાસી ઉપર વધારાનું બાંધકામ કરવાની મંજુરી મળે તો તેવું બાંધકામ કરવા અને તેનું વેચાણ કરવા અમો એક પક્ષવાળા હક્કદાર થશું અને તમો બીજા પક્ષવાળાએ કે સદર બિલ્ડીંગના અન્ય સભ્યોએ આવું વધારાનું બાંધકામ કરવાની કામગીરીમાં કોઇ હેલો હરકત કે અડચણ કરવાની નથી. અમો એક પક્ષવાળા આવું વધારાનું જે બાંધકામ કરીએ તે વેચાણ કરવા અમો એક પક્ષવાળા હક્કદાર થશું અને તે બાંધકામ જે વ્યકિત/ વ્યતિઓને વેચાણ કરીએ તે વ્યકિત/વ્યકિતઓ પણ સદર એપાર્ટમેન્ટના એસોસિએશન/ મંડળ /મંડળી કે અન્ય સંસ્થાજે બનાવવામાં આવે તેમાં સભ્ય થવા હક્કદાર થશે અને તેના વરાડે પડતા મેન્ટેનન્સ ચાર્જીસ ભરવા જવાબદાર થશે અને સદર બિલ્ડીંગની તમામ સહીયારી સુવીધાઓને સહીયારી ધોરણે વાપર ઉપયોગ કરવા હક્કદાર થશે અને તેઓને પણ સદર એપાર્ટમેન્ટની વણવહેચાયેલી જમીનમાં પરાડે પડતો હક્ક હિસ્સો મળશે. અમો એક પક્ષ વાળા ડેવલોપર્સ/જમીન માલીક સદર બિલ્ડીંગની અગાસી ઇત્યાદીની દેખભાળ તથા મરામત માટે તેઓના માણસો તથા સ્ટાફને આવવા જવાના હક્કો રહેશે અને વાહનો મારફતે મશીનરી લાવવા લઇ જવાના હક્કો રહેશે અને તે અંગેની કામગીરીમાં તમો બીજા પક્ષવાળાએ કોઇ હરકત કે અડચણ કરવાની નથી.

૧૨) સદર મિલકતના તમામ પ્રકારના સરકારી તથા અર્ધ સરકારી વેરાઓ, વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનના મિલકત વેરાઓ, શિક્ષણ ઉપકર, પાણી વેરો, ગુજરાત વિધુત બોર્ડ તથા મધ્ય ગુજરાત વિજ કંપનીના વિજળીના બીલો, તેમજ બીજા તમામ પ્રકારના વેરાઓ, ચાર્જીસ, બીલો વિગેરે આ વેચાણ દસ્તાવેજની તારીખ સુધીના અમોએ ભરપાઇ કરી દીધા છે અને હવે પછીથી તે તમામ તમો બીજા પક્ષવાળાએ ભરવાના છે.

૧૩) હવેથી તમો બીજા પક્ષવાળા સદર ફલેટવાળી મિલકતના કાયદેસર માલીક, કબજેદાર તથા ભોગવટેદાર થયા છો. અને તેનો માલીકી હક્કે, વાપર, ઉપયોગ કરવા તમો હક્કદાર થયા છો. હવેથી તમો બીજા પક્ષવાળા સદર મિલકત સબંધમાં વેચાણ, ભાડાપટો, ગીરો, અદલાબદલી, બક્ષિસ કે અન્ય પ્રકારના તબદીલીના વ્યવહારો કરવા હક્કદાર થયા છો. પરંતુ તમો બીજા પક્ષવાળા સદર બિલ્ડીંગના એલીવેશનમાં કોઇ ફેરફાર કરી શકશો નહી કે તેના આર.સી.સી. સ્ટ્રકચરને નુકશાન થાય તેવું કોઇ કૃત્ય કરી શકશો નહી. સદર એપાર્ટમેન્ટના અન્ય રહીશો ને નડતર, અડચણ કે હેરાની પરેશાની ન થાય તેવી રીતે

રહેવાનું છે અને આવવા જવાના રસ્તાઓમાં વાહન પાર્ક કરવાના નથી કે કોમન પેસેજમાં કોઈ સામાન કે ચીજ વસ્તુ રાખવાની નથી અને સદર એપાર્ટમેન્ટની તમામ કોમન સુવિધાઓનો કાળજીપુર્વક ઉપયોગ કરવાનો રહેશે.

૧૪) આ વેચાણ દસ્તાવેજના આધારે તમો બીજા પક્ષવાળા સદર ફલેટવાળી મિલકત સરકારશ્રીના રેવન્યુ રેકર્ડમાં, સીટી સર્વે રેકોર્ડમાં, વડોદરા મ્યુનિશીપલ કોર્પોરેશનમાં, ગુજરાત વિધુત બોર્ડમાં, મધ્ય ગુજરાત વિજ કંપનીમાં, ગ્રામ પંચાયતમાં, સદર એપાર્ટમેન્ટના એસોસિએશન/મંડળમાં તથા અન્ય તમામ સરકારી તથા અર્ધ સરકારી સંસ્થાઓમાં તમારા નામે ટ્રાન્સફર કરાવી લેવા હક્કદાર થયા છો. આ માટે અમો એક પક્ષવાળા તમોને પુરો સાથ સહકાર આપીશું અને જયાં જયાં જરુર પડશે ત્યાં ત્યાં અમારી સહીઓ સંમતીએ, ખુલાસાઓ, સોગંદનામાઓ વિગેરે કરી આપીશું.

૧૫) અમો એકપક્ષવાળાએ સદર મિલકત અંગેના જરુરી દસ્તાવેજી પુરાવાઓની નકલો તમો બીજા પક્ષવાળાને પુરી પાડેલ છે. સદર જમીનના ટાઇટલ અંગેના અસલ દસ્તાવેજો અમો એક પક્ષવાળા પાસે રહેશે અને ભવિષ્યમાં તમોને જયારે જોવા તપાસવાની જરુર પડશે ત્યારે અમો પક્ષવાળા તમોને તે જોવા તપાસવા અને તમારા ખર્ચે નકલ કરવા આપીશું.

૧૬) સદર હું બંધાયેલ ફ્લેટ/દુકાન ના સમુહ નુ નામ ***" ASHA ENCLAVE "*** રાખવામાં આવેલ છે તે કાયમને માટે રાખવાનુ છે.

૧૭) સદર જે ***" ASHA ENCLAVE "*** નામની યોજના તથા આ કરાર હેઠળ ની મિલ્કત ના બાંધકામ બાબત ની તમામ જવાબદારી **' V.R. GROUP '** ની છે અને રહેશે અને આ યુનીટ નુ આગળ નુ બાંધકામ **' V.R. GROUP '** પાસે જ કરાવવાનુ રહેશે જે આ વેચાણ દસ્તાવેજ ની મહત્વ ની શરત છે.

૧૮) અમો એક પક્ષવાળાએ સદર ફલેટવાળી મિલકતમાં પાણી ફિટીંગ, ડ્રેનેજ ફિટીંગ તથા લાઇટ ફિટીંગ તથા અન્ય જે કાંઇ સુવિધાઓ આપેલ છે તે ચકાસણી કરીને આપેલ છે અને તે તમામ સારી અને ચાલુ હાલતમાં છે અને તમો બીજા પક્ષવાળાએ પણ તે સુવિધાઓને તપાસીને ખાતરી કરી લીધેલ છે હવે પછી તેમાં કોઇ ખરાબી થાય કે રીપેરીંગ કરવાનું થાય તો તે તમો બીજા પક્ષવાળાએ તમારા ખર્ચે કરાવવાનું રહેશે.

૧૯) આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવોકે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ચાર્જીસ, ડ્રાફટીંગ ફી, વિગેરે તમો બીજા પક્ષવાળાએ ભોગવવાનો છે.

–: પરીશીષ્ટ :–

–: વેચાણ આપેલ મિલકતનું વર્ણન :–

ગુજરાત રાજ્ય ના ***સ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ તથા સબ ડિસ્ટ્રીક્ટ વડોદરા ના વિભાગ–૩ (અકોટા) ના મોજે ગામ–ભાયલી, તાલુકો, જીલ્લો, વડોદરાના બ્લોક નંબર–૬૫ છે જેનો રેવન્યુ સર્વે નં–૭૯ વાળી જમીનનું ૭/૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ.૦–૩૫–૪૧ હે.આરે.ચો.મી. છે જેનો ટી.પી. સ્કીમ નંબર–૨, ફા.પ્લોટ નંબર–૭૩ છે જેનું એફ.પી. મુજબ ક્ષેત્રફળ–૨૪૭૯.૦૦ ચો.મી. પૈકી ઉત્તર દિશા તરફની ૧૨૩૯.૫૦ ચો.મી. વાળી બીનખેતીની જમીન*** આવેલ છે તેમાં બાંધવામાં આવેલ ***" ASHA ENCLAVE "*** એપાર્ટમેન્ટ પૈકી નીચે દર્શાવેલ ફલેટ અને માપ વાળી અધુરા બાંધકામ વાળી મિલકત તમોને વેચાણ આપેલ છે.

ફ્લોર/માળ	ફલેટ નંબર	અધુરા બાંધકામનું ક્ષેત્રફળ (ચો.મીટર)	કોમન પેસેજ, લીફ્ટ, દાદર, સ્ટેરકેસ કેબિન, પાર્કીગં સ્પેસનું ક્ષેત્રફળ (ચો.મીટર)	વરાડે પડતી વણવહેંચાયેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મીટર)

ઉપર જણાવેલી મીલકતની ચતુઃસીમા નીચે મુજબ છે.

પૂર્વ માં :–

પશ્ચિમ માં :–

ઉત્તર માં :–

દક્ષિણ માં :–

આ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારે અમારી રાજીખુશીથી, વાંચી, વંચાવી, સમજી,વિચારી,વાકેફ તઈ સાફ દીલથી સંપૂર્ણ મન તંદુરસ્ત હાલતમા ઉપર મુજબનો અવેજ ગણી લઇને કોઈપણ જાતની ધાક ધમકી કે ઉશ્કેરાટ વગર લખી આપેલો છે.જે અમોને અમારા વંશ,વાલી ,વારસો,તમામ ને કબુલ મંજુર અને બંધનકર્તા છે. જેમાં આજરોજ વડોદરા મુકામે સાક્ષીઓ રુબરુ અમોએ સહી કરેલી છે.

અત્રે..................................મત્તુ   અત્રે............................શાખ

<u>**આપનારઃએક પક્ષવાળા/વેચાણ આપનાર/જમીન માલીકઃ–**</u>

V.R. GROUP એ નામની ભાગીદારી

પેઢી વતી અને તર્ફે તેના વહીવટકર્તા ભાગીદાર

–––––––––––––––––––

(શ્રી વિવેકસિંહ રાજપુત)

સાક્ષી

===================

===================

રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ ની કલમ ૩૨(એ) મુજબનું શીડયુલ

આપનારઃએક પક્ષવાળા/વેચાણ આપનાર/જમીન માલીકઃ–

V.R. GROUP એ નામની ભાગીદારી

પેઢી વતી અને તર્ફે તેના વહીવટકર્તા ભાગીદાર

(શ્રી વિવેકસિંહ રાજપુત)

વેચાણ રાખનારની સહી :–

<u>–: વેચાણ આપેલ મિલકતનુ સરનામુ :–</u>

ફ્લેટ નંબર–............ " *ASHA ENCLAVE* " ભાયલી, તા.જી.વડોદરા.

વેચાણ આપેલ મિલકતનો ફોટોગ્રાફ્સ

વેચાણ દસ્તાવેજ લખી આપનાર **વેચાણ દસ્તાવેજ લખી લેનાર**

––––––––––––––––– –––––––––––––––––

દસ્તાવેજ નંબર.................. તા.....................

:પરિશિષ્ટઃ

નોંધણી અધિનિયમ–૧૯૦૮ ની કલમ–૩૪ ની પેટા કલમ–૩ મુજબનું ચેકલીસ્ટ

અનું ન	પ્રશ્ન	જવાબ(હા કે ના)
	લખી આપનર, સંમતિઆપનાર કે તેઓના કુ.મુ.ને પુછવાના પ્રશ્નોઃ	
૧	લેખમાં દર્શાવ્યા મુજબ *મોજે ગામ–ભાયલી, તાલુકો, જીલ્લો, વડોદરાના બ્લોક નંબર–૬૫ છે જેનો રેવન્યુ સર્વે નં–૭૯ વાળી જમીનનું ૭/૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ.૦–૩૫–૪૧ હે.આરે.ચો.મી. છે જેનો ટી.પી. સ્કીમ નંબર–૨, ફા.પ્લોટ નંબર–૭૩ છે જેનું એફ.પી. મુજબ ક્ષેત્રફળ–૨૪૭૯.૦૦ ચો.મી. પૈકી ઉત્તર દિશા તરફની ૧૨૩૯.૫૦ ચો.મી. વાળી બીનખેતીની જમીન* આવેલ છે તેમાં બાંધવામાં આવેલ **" ASHA ENCLAVE " માં** આવેલ ફ્લેટ નં........... નો વેચાણ લેખ કરી આપેલ છે.?	હા
૨	લેખમાં દર્શાવ્યા મુજબ દુકાન નું ક્ષેત્રફળ .... ચો.મી. વાળી ની મિલકતનો લેખ કરી આપેલ છે.?	હા
૩	લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે.?	હા
૪	લેખમાં દર્શાવેલ વિગતો વાંચી,વંચાવીને,સમજી,વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો ?	હા
૫	પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે?	–
૬	પાવર ઓફ એટર્ની લેખ માં પાવર ઓફ એટર્ની આપનાર વ્યકિત/ઓ એ સહી/અંગુઠાનુ નિશાન કરેલ છે.?	–
૭	પાવર ઓફ એટર્ની નો લેખ દસ્તાવેજ ની તારીખે અમલમાં છે.?	–
૮	ઓળખાણ આપવા સારુ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો.?	હા
	ઓળખાણ આપનાર ને પુછવાના પ્રશ્નોઃ	
૧	દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓ એ કબુલાત આપી તેઓ ને તમે જાતે ઓળખો છો. ?	હા
૨	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક જ છે.?	હા
૩	કોઇ વ્યકિતએ ખોટું નામ ધારણ કરી ને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો. ?	હા

લખી આપનાર/સંમતિ આપનાર/કુ.મુ. ની સહીઃ–

ઓળખાણ આપનાર ની સહીઃ–

(સહી)

સબ રજીસ્ટ્રારઃ......................